


પાકિસ્તાનસેના દ્વારા માર્યા ગયેલા ૫ ભારતીય સૈનિકો શહિદ થયા છે. તેના વિરોધમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શહેરના ઘ-૬ સર્કલ ખાતે પાકિસ્તાનના ધ્વજને બાળીને અને સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો તેમજ કેન્દ્ર સરકારની નબળી નીતિ-રીતિ સામે પણ રોષ ઠાલવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા એ.બી.વી.પી.ના સિદ્ધાર્થ દેસાઈ, ધવલ ડોડીયા, કૃણાલ પટેલ, ધ્રુવ પટેલ, ઉજ્જવલ પટેલ સહિત ૧૦૦થી વધુ કાર્યકરો જોડાયા હતા.

## શ્રાવણના પ્રારંભે જ કોલવડા ગામમાંથી જુગાર પકડાયો

### ૧૭ હજારના મુદ્દામાલ સાથે પાંચ જુગારીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર પાસેના કોલવડા ગામમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા મોડી સાંજે પેથાપુર પોલીસે દરોડો પાડીને શ્રાવણના પ્રારંભે જ જુગાર રમતા પાંચ શખ્સોને પકડી પાડયા છે. રૂ. ૧૭ હજારના મુદ્દામાલ સાથે પાંચેય શકુનીની ધરપકડ કરીને પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર સિનિયર પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાને મોડી સાંજે બાતમી મળી હતી કે કોલવડા ગામની સીમમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે જેને આધારે ટીમ સાથે પહોંચી જઈ દરોડો પાડયો હતો. પોલીસને જોઈને સ્થળ પર ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસે તમામને કોર્ડન કરીને પકડી પાડયા હતાં. દાવ પર રૂ. ૮૦૦ પડયા હતા જયારે રોકડ રૂ. ૧૬,૨૫૦ મળીને કુલ રૂ. ૧૭,૦૫૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરીને જુગાર રમી રહેલા પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી છે. કોલવડાના દિનેશ પરષોત્તમ પ્રજાપતિ, શૈલેષ વિરા મકવાણા, બાબુ બબા ઠાકોર, ગીરીષ રામભાઈ પટેલ, પંકજ બળદેવ ઠાકોર મળીને પાંચેયની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વિદ્યાર્થીનું અપહરણ થઈ ગયાનાં ફોનથી પોલીસને એલર્ટ કરી દેવાઈ

### પોલીસ કંટ્રોલમાં ફોન કરનાર વ્યક્તિએ સાંજ સુધી ફોન સ્વીચ ઓફ કરી દીધો, રાત્રે ફોન ઉપાડ્યો ન હતો : ડેપો નજીક બનાવ બન્યો હોવાની વર્ધી

ગાંધીનગર, તા. ૮

જિલ્લા પોલીસ કંટ્રોલમાં બપોરે એક રાહદારીનો ફોન આવ્યો કે 'ડેપો નજીકથી ટાટા સુમો ગાડીમાં એક વિદ્યાર્થીનું અપહરણ થયું છે. ગાડીમાં તેને લાફા મારી રહ્યા છે.' આ કોલથી પોલીસને એલર્ટ આપી દેવામાં આવી હતી અને ચારેય તરફ નાકાબંધી કરી દેવાઈ હતી. જો કે ફોન કરનાર વ્યક્તિ પાસેથી વધુ વિગત મેળવવા પોલીસે ફરી તે નંબર પર ફોન કર્યો તો સ્વિચ ઓફ કરી દેવાયો હતો અને રાત્રે તે નંબર કોઈ ઉપાડતુ ન હતું. હજુ સુધી આ પ્રકરણ બાદ બાળક ગુમની ફરીયાદ આવી નથી, પરંતુ પોલીસે તેને ગંભીરતાથી લઈ તપાસ ચાલુ રાખી છે.

પોલીસ કંટ્રોલમાં એક રાહદારીનો ફોન બપોરના અરસામાં આપ્યો જેમાં તેણે એક ટાટા સુમો ગાડીમાં વિદ્યાર્થીને મારતા હોવાના દશ્યો જોતા અપહરણ થયુ હોવાનું જણાવ્યું હતું. પોલીસને ડેપો નજીકથી અપહરણનો કોલ મળતા જ એલર્ટ આપી દઈ નાકાબંધી શરૂ કરી દેવાઈ હતી. જો કે જે નંબર સુમો ગાડીનો અપાયો હતો તેવી ગાડી હાથ લાગી ન હતી. વધુ માહિતી મેળવવા પોલીસે કંટ્રોલરૂમમાં જે નંબર પરથી ફોન આપ્યો હતો તે નંબર પર ફોન કર્યો તો સ્વિચ ઓફ આવવા લાગ્યો હતો. સાંજ સુધી પ્રયત્ન ચાલુ રાખ્યો ત્યારે રાત્રે ફોનની રીંગ વાગી પરંતુ તે વ્યક્તિ ફોન ઉપાડતો ન હતો. કોણે ફોન કર્યો તેની તપાસ ચાલી રહી છે. તો બીજી તરફ આસપાસના વિસ્તારમાંથી કોઈ વિદ્યાર્થી ગુમ થયો છે કે કેમ તેની પણ તપાસ ચાલી રહી છે. વાલી પોતાની કારમાં દિકરાને લાફો ઝીંકતો હતો કે સાચે જ કોઈ અપહરણકાર વિદ્યાર્થીને ઉઠાવી લઈને લાફા મારતો હતો તે હજુ રહસ્યમય છે પોલીસે તે જાણવા ચક્રો ગતિમાન કર્યા છે.

## બહેનની લાજ લેવા ઘરમાં ઘુસેલા બે શખ્સોની પીટાઈ

### વારંવાર ફોન કરીને બન્ને શખ્સો હેરાન કરતાં હતા : ઘરમાં ઘુસીને બહેનને બાથમાં લઈ લેતા ત્રણ ભાઈઓએ બન્ને શખ્સોને લાકડી, ધોકા અને પાઈપથી ફટકારતા સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૮

ચિલોડા અને મોટી શિહોલી ગામના બે શખ્સો પિયરમાં આવેલી ૧૯ વર્ષિય પરિણિતાને વારંવાર ફોન કરીને હેરાન કરતા હતા. દરમ્યાન આજે બપોરે તેણીના ઘરે પહોંચી ગયા હતા અને બાથમાં લઈ લાજ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. દરમ્યાન પરિણિતાના ત્રણ ભાઈઓએ મળીને બન્ને શખ્સોને લાકડી, ધોકા અને પાઈપ પડે પીટી નાંખ્યા હતા. બન્ને શખ્સો હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગે ચિલોડા પોલીસે ત્રણ ભાઈઓ વિરૂદ્ધ મારમારીને અને બે શખ્સો વિરૂદ્ધ લાજ લુંટવાના પ્રયાસની ફરીયાદ દાખલ કરી તટસ્થ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીકના એક ગામમાં રહેતી ૧૯ વર્ષીય પરિણિતા પિયરે આવી હતી. તેણીને મોટી શિહોલી ગામનો વિજય મંગાજી ઠાકોર અને ચિલોડાનો સુરેશ જીવણ પટણી વારંવાર ફોન કરીને હેરાન પરેશાન કરતાં હતા. દરમ્યાન આજે આ બન્ને જણા હિંમત કરીને ઘરે પહોંચી ગયા હતા અને ઘરમાં ઘુસી જઈ પરિણિતાને બાથમાં લઈ લીધી હતી. આબરૂ લેવાનો પ્રયાસ કરનાર બન્ને શખ્સોને પરિણિતાના ત્રણ ભાઈઓ ઉશ્કેરાઈ જઈ ઢીબી નાખ્યા હતા.

લાકડી, લોખંડની પાઈપ અને ધોકાનો માર મારતા બન્ને શખ્સોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે બન્ને શખ્સોએ આપેલી ત્રણ ભાઈઓ સામેની ફરીયાદ લઈ ત્રણેય વિરદ્ધ મારામારીનો ગુનો નોંધાયો છે અને બીજી તરફ પરિણિતાની ફરીયાદને આધારે બે શખ્સો વિરૂદ્ધ આબરૂ લેવાના પ્રયાસનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.

## ઝૂલેશ્વર મહાદેવ મંદિરમાં ૧૦૮ દીવડાઓની મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા. ૮

શ્રાવણ માસની શરૂઆત થતા શહેરના જુદા જુદા શિવાલયોમાં માનવ મહેરામણ ઉમટી પડે છે ત્યારે માસના દરેક સોમવારના દિવસ પુરતી ૧૦૮ દીવડાઓની મહાઆરતી શહેરના સેકટર-૩૦માં આવેલા ઝુલેલાલ-સાંઈબાબા મંદિર પરિસરમાં આવેલ ઝુલેશ્વર મહાદેવ મંદિર ખાતે કરવામાં આવશે. આ મહા આરતીનો લાભ તેમજ દર્શનાર્થે આવવા માટે સિંધી સમાજ પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપાલાણી દ્વારા વિનંતી કરવામાં આવે છે.

## હાઈવે પર બેફામ આવતા વાહનની અડફેટે છાલાના યુવાનનું મોત

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી ગઈ મોડી રાત્રે સડસડાટ આવી રહેલા અજાણ્યા વાહને એક યુવાનને ગીયોડ ગામના પાટીયા પાસે અડફેટે લઈ લીધો હતો. યુવાનનું જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતા સ્થળ પર દોડી ગઈ હતી અને તપાસ કરતાં મોતને ભેટેલો યુવાન છાલા ગામનો મગનભાઈ ભાણાભાઈ પરમાર હોવાનું બહાર આવ્યુ ંહતું. અજાણ્યા વાહનની અડફેટે યુવાનનું મૃત્યુ થતા તેના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી ચિલોડા પોલીસે તપાસ શરૂ કરી છે.

## કલાગુર્જરી દ્વારા કૃષ્ણ ભક્ત રસખાન અંગે શનિવારે નાટક

### શ્રાવણ માસ નિમિત્તે રસખાનના પ્રેમનું ભકિત સ્વરૂપ રજૂ કરતું અનોખું નાટક રજૂ થશે

ગાંધીનગર, તા.૮

શહેરની સાંસ્કૃતિક પરંપરા જળવાઈ રહે તે માટે પ્રયત્નશીલ સંસ્થા કલાગુર્જરી દ્વારા આગામી તા. ૧૦ ઓગષ્ટના રોજ ટાઉનહોલ ખાતે રાત્રિના ૯.૩૦ કલાકે કૃષ્ણ ભકિત અંગેનું અનોખું નાટક રજૂ કરવામાં આવશે.

કલા ગુર્જરી સંસ્થાના પ્રમુખ એન.પી. પટેલ તેમજ ઉપપ્રમુખ જયરાજસિંહ સરવૈયાએ આ અંગે જણાવ્યા અનુસાર સંસ્થા દ્વારા સાતમા વર્ષના તૃતિય કાર્યક્રમ અન્વયે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે કૃષ્ણ ભકિત અંગેનું આ અનોખું નાટક રજૂ થશે. કૃષ્ણ ભકત રસખાનના પ્રેમનું ભકિત સ્વરૂપ પ્રગટ કરતા નાટકનું શહેરના કલાપ્રેમીઓ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. કલા ગુર્જરીના સભ્યો માટે યોજાનારા આ નાટકમાં જાણીતા ટી.વી. કલાકાર તુષાર ત્રિપાઠી રસખાનની ભૂમિકા ભજવશે. રન્નાદે શાહ લિખિત અને જયશ્રી પરીખ દિગ્દર્શિત આ નાટકના શૉમાં સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. કલાગુર્જરી સંસ્થાનું સભ્યપદ મેળવવા માટે જયરાજસિંહ સરવૈયા, નિરેન બ્રહ્મભટ્ટ, ભાવિન પટેલનો સંપર્ક કરવા જણાવાયું છે.

## જિલ્લાની રસ્સાખેંચ સ્પર્ધામાં ચરાડાની ટીમ પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા. ૮

જિલ્લા રમતગમત કચેરી દ્વારા તાજેતરમાં જિલ્લાકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધા સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવા ખાતે યોજાઈ હતી.

જિલ્લાકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં ચરાડા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. ભાગ લેનાર ખેલાડીઓમાં ગોસ્વામી કિશન, ચૌધરી રવિ, ચૌધરી મિહિર, ચૌધરી યોગેશ, ચૌધરી સોહિલ, ચૌધરી નીલ, ચૌધરી સુરેન્દ્ર, હાર્દિક ચૌધરી અને રીતેશ ચૌધરી આગામી સમયમાં રમાનારી રાજ્યકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં ભાગ લેશે. વિજેતા ખેલાડીઓને શાળાના શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. તમામ વિજેતાઓને શાળાના આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

## લગ્નજીવનના સાત દાયકાનો અનુભવનો નિચોડ એટલે ગાંધીનગરના રાવલ દંપતિ

ગાંધીનગર, તા. ૮

માયાનગરી મુંબઈથી ૧૯૬૦માં ગુજરાતમાં સ્થાયી થઈ પ્રથમ પલટનના મહારથી તેમજ અનેક સેવાભાવી સંસ્થાઓમાં પોતાની ધર્મપત્ની સાથે જીવનના ૯ દાયકા અને લગ્નજીવનના ૭ દાયકા સાથે રહી સુખી જીવનનું શ્રેષ્ઠ અને ઉત્તમ ઉદાહરણ આજે ગાંધીનગર વરિષ્ઠ નાગરિક દંપતી અંબાલાલ મણીલાલ રાવલ અને કલાવતીબેન રાવલે આપ્યુ છે અને આ રાવલ દંપતિ આજે પણ પરિવારજનો સાથે જૂના દાયકાઓની યાદો તાજી કરી હજુ પણ સાથે રહી બન્ને સુંદર દાંપત્ય જીવન જીવવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે.



૧૯૬૦માં માયાનગરી મુંબઈથી આવેલા અંબાલાલ મણીલાલ રાવલના ૧૫ વર્ષની બાળ ઉંમરે જ કલાવતીબેન સાથે લગ્ન થઈ ગયા હતા અને જન્મથી જ સેવાભાવી વિચારો અને સેવાભાવી કાર્યો સાથે સંકળાયેલા રાવલ દંપતીના મન મળી ગયા અને બંનેની મંજીલ માત્ર સેવા જ થઈ ગઈ અને બાદમાં અને સેવાભાવી સંસ્થા સંકળાઈ માયાનગરી મુંબઈથી ગુજરાતમાં આવી ગયા હતા અને નોકરી મેળવી યુવાન અંબાલાલ પટેલે રાજ્ય સરકારની અનેક મહત્વના પદ પર કામ કરવાની શરૂઆત કરી હતી. બાદમાં ૩૫ વર્ષની નોકરી નિવૃત્ત થયા હતા અને છેલ્લા ૨૮ વર્ષથી પેન્શન લઈ રહ્યા છે.

નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ તેઓ ગાંધીનગરની અનેક સેવાભાવિ સંસ્થા લઘુરૂદ્ર મંડળ, સિનિયર સિટિઝન કાઉન્સિલ, શહેર વસાહત મંડળ અને બ્રહ્મસમાજમાં પોતાની ધર્મપત્ની કલાવતીબહેનની સાથે સંસ્થાઓમાં યથાયોગ્ય સેવાઓ આપી રહ્યા છે.

આ દંપતીના તાજેતરમાં જ લગ્ન જીવન સાત દાયકા પૂર્ણ થતા રાવલ દંપતિના પરિવારજનો અને સ્નેહીજનોએ '૭ દાયકાના સુખી જીવનની વિશિષ્ટ ઉજવણી' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૦૦ થી વધારે સગા સંબંધીઓ, મિત્રો, અગ્રણીઓ અને અનેક સેવાકીય સંસ્થાના અગ્રણીઓ હાજર રહ્યા હતા. ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક દંપતી અંબાલાલ રાવલ અને કલાવતીબેન રાવલે પોતાના જીવનની પળેપળની જૂની યાદો હાજર સ્નેહી સાથે તાજીકરી હતી અને સૌએ રાજીવભાઈ વ્યાસના સંગીત સંધ્યાનો લાભ લીધો હતો.

## ઉત્તર ગુજરાતની રહેણી-કરણીને જીવંત રાખવા નિર્માણ પામતી ગુજરાતી ફિલ્મ

### ગુજરાતી ફિલ્મ પ્રિત બાંધી મે પરદેશી હારે આગામી બીજી સપ્ટેમ્બરે ફલોર પર જશે

ગાંધીનગર, તા. ૮

દૃષ્ટિ ફિલ્મ પ્રોડકશન (થરાદ)ની ગુજરાતી ચલચિત્ર 'પ્રિત બાંધી મે પરદેશી હારે' આગામી બીજી સપ્ટેમ્બરના રોજ રિલિઝ થશે. આ ચલચિત્રમાં બે ભાઈઓની વાર્તા છે. જે નાનપણમાં છુટા પડે છે. પરિવારીય દુશ્મનીની પુત્રીના પ્રેમમાં પડે છે. આ ચિત્રમાં ઉત્તર ગુજરાતની રહેણીકરણી અને તળપદી ભાષાથી જીવંત બનાવવામાં આવી છે. આ ગુજરાતી ફિલ્મમાં નવોદિત હિરો હરેશકુમાર મુખ્ય ભુમિકામાં છે. જ્યારે જીત ઉપેન્દ્ર, વૃદા બ્રહ્મભટ્ટ મહત્વનો રોલ ભજવ્યો છે. ફિલ્મના નિર્માતા હરેશ પરમાર છે. જ્યારે સંગીત પંકજ ભટ્ટે આપ્યું છે. ગીતો ચંદુ રાવળ અને છબીકલા જોધસીંગ પાળલાની છે. ફિલ્મના કથા-પથકથા લેખક ડિરેક્ટર-મનોજ નથવાણી છે.



નૃત્ય મહેશ બલરાજનું છે. જ્યારે ફાઈટ મહમંદ અમદાવાદની છે. ફિલ્મ સરસ મજાના ગીત ચંદુરાવે લખ્યા છે. તેમણે પ્રથમ વખત આ ફિલ્મમાં પોતાનો સ્વર આપ્યો છે. વિલનની ભૂમિકામાં રીચા પટેલની સાથે જયેન્દ્ર મહેતા અને આયુષ્ય જાડેજા અલગ અંદાજમાં જોવા મળશે. ટુંક સમયમાં વધુ એક ગુજરાતી ફિલ્મ ઉત્તર ગુજરાતમાં લોકોનું દિલ જીતવા આવી રહી છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૧૦

### તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૭૮ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૮.૪૫, ૧૧.૪૫, ૨.૪૫, ૫.૪૫, ૮.૪૫
: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ચેન્નાઈએક્ષપ્રેસ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સૂર્યા, વાવોલ**

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મહાવીરાય નમો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૧૫, ૧.૪૫, ૮.૦૦
બી.એ. પાસ : ૫.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦
: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૪૫

**ચિરાગ, કલોલ**

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે કાંચના હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે મુકેશભાઈ દવેના નિવાસ સ્થાન સેકટર-૨૮ ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે મહેશભાઈ ભટ્ટના નિવાસ સ્થાન પ્લોટ નં. ૪૨/૨, છ-ટાઈપ, ગુરુકુલ સ્કુલની સામે નવરાત્રી ચોક પાસે શિવ મહિમ્ન પાઠ.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ડૉ. જય ઓઝાના નિવાસ સ્થાન ૧૫૨, સહકાર કોલોની, સેકટર-૨૫ ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવાલો ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને ફૂલહારના હિંડોળા

### આપની આજ

**મેષ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓ અને નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચનો યોગ. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે.

**મિથુન** : કલાથી લાભનો યોગ. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કર્ક** : શુભ મંગળ કાર્યોનો યોગ આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવશે.

**સિંહ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓ થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપબ્ધિ પ્રાપ્ત મળી શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ. તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**તુલા** : વાહન સુખ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. અધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રપ્તિ થઈ શકે છે. વેપાર કુટુંબમાં શુભકાર્યો,કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ન થાય તેની કાળજી રાખવી.

**ધન** : આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ. વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા થઈ શકશે

**કુંભ** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિ. પદ, વાહન સંબંધી વિવાદોમાં સમય પસાર થશે.

**મીન** : વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

### ચિરવિદાય

- સ્વ. જશવંતભાઈ બાબુભાઈ ચૌહાણ (ઉ.વ.૪૪) નવો વણકર વાસ, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. મણિલાલ કાનજીભાઈ મહેતા (ઉ.વ.૮૦) પ્લોટ નં.૧૫૬/૨, આનંદ વાટીકા, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. અમથીબેન ડાહ્યાભાઈ મકવાણા (ઉ.વ.૮૦) મુ.પો. હાલીસા, તા.માણસા, જિ. ગાંધીનગર
- સ્વ. કપૂરબેન ગાંડાજી ઠાકોર (ઉ.વ.૬૦)મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. આત્મારામ મોહનદાસ ઠાકોર (ઉ.વ.૬૦) મુ.પો. દેલવાડ, તા.માણસા, જિ. ગાંધીનગર
- સ્વ.મોતીભાઈ લાલજીભાઈ દેસાઈ (ઉ.વ.૮૫)મુ.પો. હાલીસા, તા.દહેગામ, જિ. ગાંધીનગર
- સ્વ.બળદેવસિંહ ગલાબજી સોલંકી(ઉ.વ.૬૫) મુ.પો.મહુંદરા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. મગનભાઈ ભાણાભાઈ પરમાર (ઉ.વ.૫૦) મુ.પો. છાલા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. કનૈયાલાલ બાબુલાલ ચૌહાણ (ઉ.વ.૫૬) પ્લોટ નં.૬૮/૧૦, આદર્શ નગર, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. પોપટજી બળદેવજી વાઘેલા (ઉ.વ.૭૩) ૫૨૮, આદર્શનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. હીરાબેન ભોળાભાઈ પટેલ(ઉ.વ.૭૩) ઘનશ્યામ નગર, મુ.પો. માણેકપુર, તા.માણસા, જિ. ગાંધીનગર